GJJN220001662026

દાખલ તારીખ : ૦૧/૦૬/૨૦૨૬
નોંધણી તારીખ : ૦૧/૦૬/૨૦૨૬
ફેંસલ તારીખ : ૦૬/૦૬/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૫

**વંથલીના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.વંથલી.**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૭૫/૨૦૨૬**

**આંક**

**વિરેન્દ્રભાઇ જમનાદાસ વિરોજા,** **અરજદાર**
ઉ.વ.આ.. ૪૩, ધંધો–ખેતી, ધર્મે–હિન્દુ,
રહે. નાનડીયા, તા.માણાવદર, જી.જુનાગઢ.

**વિરુધ્ધ**

સ્ટેટ ઓફ ગુજરાત **સામાવાળા**

**બાબત :** બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મળવા બાબત.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

એડવોકેટસ : અરજદાર તરફે વિ.વકીલશ્રી એસ.જી. નિરંજની
સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી એમ.પી.વાઘેલા

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**<u>હ રા વ</u>**

(૧) આ કામના અરજદારે હાલની આ અરજી માણાવદર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૩૦૩૭૨૬૦૧૪૪/૨૦૨૬ ના કામે બી.એન.એસ.ની કલમ–૧૦૮, ૩૦૮(૪), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત નાણા ધીરધાર અધિનીયમની કલમ–૪૦, ૪૨(એ), ૪૨(ડી) મુજબના ગુનાના કામે તપાસ કરનાર અધિકારી ધરપકડ કરે તેવી વ્યાજબી દહેશત અને ભીતી હોય જેથી અત્રેની કોર્ટમાં હાલની અરજીમાં જણાવેલ કારણોસર આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજી અનુસંધાને સરકારશ્રીને નોટીસ કરતા સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રી હાજર થયેલ છે અને માણાવદર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. ડી.કે. ઝાલા હાજર થયેલ છે અને આંક–૫ થી આગોતરા જામીન અરજીના વિરોધમાં સોગંદનામુ રજુ કરેલ છે જે ધ્યાને લીધું. તેમજ અરજદારનું આંક–૬ થી રજુ થયેલ સોગંદનામુ ધ્યાને લીધું.

(૩) અરજદાર તરફે તરફે તેમના વિ.વકીલશ્રીને સાંભળ્યાં તથા સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રીને સાંભળ્યાં તથા સાધનીક કાગળો વંચાણે લીધાં.

(૪) સદર કામે આંક–૭ થી અરજદાર તરફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાથી માણાવદર પોલીસ સ્ટેશન ધ્વારા આ કામના અરજદારને બી.એન.એસ.એસ.ની કલમ–૩૫(૩) મુજબની નોટીસની નકલ રજુ થયેલ છે તથા નામ.ગુજરાત હાઇકોર્ટના ક્રિમી.મીસે. એપ્લીકેશન નં. ૪૪૨૫/૨૦૨૬ મહેશભાઇ દુર્લભભાઇ કટારીયા વિરુધ્ધ શ્રી સરકાર, તા.૧૭/૪/૨૦૨૬ ના ઓરલ ઓર્ડરની નકલ રજુ રાખેલ છે. તેમજ અરજદાર તરફે આંક–૬ થી રજુ સોગંદનામાની હકીકત વંચાણે લેતા તેઓને નોટીસ બજતા તા.૩/૬/૨૦૨૬ ના રોજ તેમના વકીલશ્રી સાથે માણાવદર પોલીસ સ્ટેશનમાં સહકાર આપવા ગયેલા અને તેઓ હજુ પણ સહકાર આપવા તૈયાર અને ખુશી છે અને તેઓની કોઇ કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની જરૂરીયાત ન હોય જેથી તેઓને આગોતરા જામીન પરા મુકત કરવામાં ન આવે તો તેઓને ખોટી રીતે જેઇલમાં જવાનો

વારો આવે તેમ છે તેવી હકીકત સોગંદ ઉપર જણાવેલ છે. સદર કામે પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ આ કામે આંક–૮ થી માણાવદર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ.શ્રીએ આ કામના અરજદારને તા.૫/૦૬/૨૦૨૬ ના કલાક ૧૫.૪૫ વાગ્યે ધોરણસર અટક કરેલાની જાહેરાત કરેલ છે, સદર હકીકત ધ્યાને લેતા આ કામના અરજદારને માણાવદર પોલીસ સ્ટેશન ધ્વારા અટક કરવામાં આવેલ હોય જેથી અરજદારની હાલની આ આગોતરા જામીન અરજી ઈનફકચ્યુઅસ હોય તેનો નિર્ણય કરવાનો રહેતો ન હોય, સબબ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

અરજદારની હાલની આગોતરા જામીન મળવાની અરજીમાં કોઈ તથ્ય રહેતુ ન હોય સદર અરજી નામંજુર કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૬ઠ્ઠી, માહે–જુન સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

વંથલી.

તા.૦૬/૦૬/૨૦૨૬.

**(સલીમભાઈ બાબુલાલ મનસુરી)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
વંથલી.
**Code No. GJ00698**